RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 233 Date: 13.06.2024,Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# કુવૈત અગ્નિકાંડ: ૪૦ ભારતીયો સહિત ૪૩ના મોત



કુવૈતના મંગાફ શહેરમાં એક છ માળની બિલ્ડિંગમાં બુધવારે સવારે ભીષણ આગ લાગતા ૪૩ લોકોના મોત અને ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં ૪૦ ભારતીયો સામેલ છે. આ બિલ્ડિંગમાં મોટાભાગે કર્મચારીઓ રહેતા હતા. પ્રાથમિક તપાસમાં એવી માહિતી સામે આવી છે કે, પહેલા બિલ્ડિંગના એક રૂમનાં રસોડામાં આગ લાગી હતી, ત્યારબાદ જોતજોતામાં આગ આખી બિલ્ડિંગમાં ફેલાઈ ગઈ હતી. ઘટના અંગે કુવૈતના ગૃહમંત્રી શેખ ફહાદ અલ-યુસેફ અલ-સબાહે મંગાફે બિલ્ડિંગના માલિક અને શ્રમિકો માટેના જવાબદાર કંપનીના માલિકની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. તો બીજીતરફ ચોંકાવનારી વાત એવી સામે આવી છે કે, આ બિલ્ડિંગમાં ૧૬૦થી વધુ લોકો ગેરકાયદેસર રહેતા હતા. આ ઉપરાંત બિલ્ડિંગના માલિક કેરળના બિઝનેસમેન હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે.મેજર જનરલ રશીદ હમદે કહ્યું કે, 'ઘટના અંગે અધિકારીઓને આજે સવારે ૬.૦૦ કલાકે માહિતી મળી હતી. ત્યારબાદ રાહત અને બચાવનું કામ પુરજોશમાં શરૂ કરી દેવાયું છે. અમને મળેલી માહિતી મુજબ બિલ્ડિંગના એક ફ્લેટના કિચનથી આગની શરૂઆત થઈ હતી, ત્યારબાદ આખા ઈમારતમાં ફેલાઈ ગઈ. આ ફ્લેટમાં કેરળના રહેવાસી વ્યક્તિનો છે. આ બિલ્ડિંગમાં મોટાભાગના દક્ષિણ ભારતના લોકો જ હતા. ઘટનામાં ૪૦ ભારતીયોના મોત થયા છે, જેમાં કેટલાક મૃતકો કેરળના છે.કુવૈતના નાયબ વડાપ્રધાન ફહદ યૂસુફ અલ સબા ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને આગના કારણોની તપાસ કરવા પોલીસને આદેશ આપી દીધો છે. એક વિરષ્ઠ પોલીસ કમાન્ડરે સ્ટેટ ટીવીને કહ્યું કે, જે બિલ્ડિંગમાં આગ લાગી, તેમાં શ્રમિકોના ક્વાર્ટર બનાવાયેલા છે. ઘટના સમયે ઘણા શ્રમિકો બિલ્ડિંગમાં હતાં. બચાવ કર્મચારીઓએ ડઝનથી વધુ લોકોને બચાવી લીધા છે, જોકે ભિષણ આગના ધુમાડાના કારણે ઘણા લોકોના ગુંગળાઈને મોત થયા છે. કુવૈતના આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, આગમાં લગભગ ૪૩ લોકોનો હોસ્પિટલમાં ખસેડાયા છે.આગની ઘટના અંગે નાયબ વડાપ્રધાન, સંરક્ષણ મંત્રી અને કાર્યવાહક આંતરિક મંત્રી, ફહદ યૂસુફ અલ-સબાએ કહ્યું કે, કમનસીબે મિલકત માલિકોની લાલચને કારણે આવી ઘટનાઓ બને છે. હું નગર પાલિકાઓના નિદેશકોને બોલાવીશ અને તમામ મિલકત માલિકો સાથે વાત કરીશું. જો કોઈ મિલકતમાં ઉલ્લંઘનની બાબત સામે આવશે તો તેને સવારે હટાવી દેવામાં આવશે અથવા માલિક જાતે મિલકત હટાવી લે, નહીં તોહું નગરપાલિકાને તેવી મિલકતો હટાવવા આદેશ આપીશ.જે બિલ્ડીગમાં આગ લાગી તે દ્રર્મ્ઈઝ ગ્રુપની છે. તેના માલિક કેરળના એક બિઝનેસમેન છે, જેનું નામ કેજીઅબ્રાહમ છે. એનબીટીસી ગ્રુપની વેબસાઈટ અત્યારે ખુલી રહી નથી. તેના લિન્કઈન પેજ પર ઉપલબ્ધ માહિતી મુજબ આ કંપની તેલ, ગેસ અને બાંધકામ જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. આ ઉપરાંત ગ્રૂપ પાસે એક સુપરમાર્કેટ છે. આ બિલ્ડિંગમાં સુપરમાર્કેટમાં કામ કરતા લોકો હાજર હતા. કંપનીની સ્થાપના ૧૯૭૭માં થઈ હતી. લિંક્ડિન મુજબ આ કોન્ટ્રાક્ટ કરતી કંપની છે. આ કંપની એન્જિનિયરિંગ, કન્સ્ટ્રક્શન, ટેક્નિકલ સર્વિસ, હેવી ઈક્વિપમેન્ટ લીઝિંગ, લોજિસ્ટિક્સ, હોટેલ્સ અને રિટેલિંગના બિઝનેસમાં કામ કરે છે. કંપનીમાંલગભગ ૧૪,૦૦૦લોકોછે.

## પાલનપુર-અમદાવાદ હાઈવે પર કાર-ટ્રક અને ટ્રેલર વચ્ચે ત્રિપલ અકસ્માત, બાળકી સહિત ૪ના મોત




ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી હાઈવે પર અકસ્માતની ઘટનામાં નોંધપાત્ર વધારો થયો છે. અવારનવાર અકસ્માતના અહેવાલ પ્રકાશિત થાય છે. ત્યારે હવે આજે વધુ એક ભયાનક અકસ્માતની ઘટના બની છે. જેમાં ચાર લોકોના મોત થયા છે જ્યારે ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આજે રાજ્યમાંથી પસાર થતાં પાલનપુર-અમદાવાદ હાઈવે પર ત્રિપલ અકસ્માતની ઘટના બની હતી. બનાસકાંઠાના ભરકાવાડાના પાટિયા નજીક કાર, ટ્રક અને ટ્રેલર વચ્ચે ભયાનક અકસ્માત થયો હતો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રોંગ સાઈડમાં આવી રહેલી કાર ટ્રેલર સાથે અથડાતા ટ્રેલરની સામેની સાઈડથી આવતી ટ્રક સાથે ધડાકાભેર ટક્કર થતાં ગોઝારો અકસ્માત થયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

આ ત્રિપલ અકસ્માતમાં બાળકી, મહિલા સહિત ચાર લોકોના મોત થયા હતા. જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્ત લોકોને ૧૦૮ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. આ અકસ્માતની ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકોમાં શુભાગદેવી ભોપારામ ચૌધરી, ઉ.વ.આ. ૩૩ વર્ષ, સાંચોર, સંજુબેન ભોપારામ ચૌધરી, ઉ.વ.આ. ૫ વર્ષ, સાંચોર અને સલીમખાન મીરુ ખાન બાડમેર, ઉ.વ.આ. ૪૨ વર્ષ તેમજ એક પાંચ વર્ષની બાળકીનો સમાવેશ થાય છે.

## ગાંધીનગરની મહિલાને લગ્નેતર સંબંધો કેળવવા ભારે પડ્યા, પ્રેમીએ સલૂનમાં ઘૂસી દુપટ્ટો ખેંચી મારામારી કરતા પોલીસ દોડતી થઇ




ગાંધીનગરના પીડીપીયુ રોડ બિઝનેસ પાર્ક કોમ્પલેક્ષમાં આવેલ જાણીતા સલૂનની સંચાલિકાએ લગ્નેતર સંબંધોનો અંત લાવી દેતા નાસીપાસ થયેલા પ્રેમીએ સલૂનમાં ઘુસી જઈ દુપટ્ટો ખેંચીને મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ઈન્ફોસિટી પોલીસ મથકના ચોપડે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.ગાંધીનગરના પીડીપીયુ રોડ બિઝનેસ પાર્ક કોમ્પલેક્ષમાં જાણીતા સલૂનની ૩૯ વર્ષીય સંચાલિકાનાં પરિવારમાં પતિ તેમજ ૧૬ અને ૧૪ વર્ષના બે દિકરા છે. મહિલાનાં બંને બાળકો મહેસાણા ખાતેની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે. જયારે પતિની માનસિક બિમારીની સારવાર ચાલી રહી છે. આશરે પાંચેક વર્ષ અગાઉ એક બર્થ ડે પાર્ટીમાં મહિલાની ઓળખાણ હરેશ પટેલ સાથે થઈ હતી. બાદમાં બન્ને વચ્ચે અવૈધ પ્રેમ સંબંધો પ્રસ્થાપિત થયા હતા. ત્યારે ત્રણેક વર્ષ અગાઉ બિઝનેસ પાર્કમાં મહિલાએ સલૂન શરૂ કર્યું હતું. જેથી કરીને પ્રેમી હરેશ પટેલે સલૂનનાં ફર્નિચર માટે પૈસાનું રોકાણ કર્યું હતું. પરંતુ છેલ્લા બે ત્રણ વર્ષથી અવૈધ પ્રેમ સંબંધોમાં તિરાડ પડતાં બંનેએ વીસેક દિવસ પહેલા રાજીખુશીથી અલગ થવાનું નક્કી કર્યું હતું.જો કે પ્રેમી હરેશ પ્રેમિકાના પ્રેમને ભૂલવા તૈયાર નહોતો અને ગઈકાલે બપોરનાં સમયે હરેશ સલૂનમાં ઘુસી જઈ હુ તારા વગર નહી રહી શકુ કહીને ગળે મળી ભેટવા લાગ્યો હતો. જેથી પ્રેમિકાએ આમ કરવાની ના પાડતા હરેશે પિત્તો ગુમાવી દઈ હૂમલો કરવાના ઈરાદે પ્રેમિકાનો દુપટ્ટો પડાવી લઈને ઝપાઝપી કરવા લાગ્યો હતો.આથી ગભરાઈ પ્રેમિકા રીસેપ્શન કાઉન્ટર ઉપર જતાં હરેશ બેફામ ગાળો બોલીને હાથ ચાલાકી કરવા લાગ્યો હતો. આથી પ્રેમીથી બચવા પ્રેમિકાએ ૧૦૦ નંબર પર ફોન કરવા ફોન કાઢતા પ્રેમીએ ફોન ઝુંટવી લીધો હતો. જો કે જેમતેમ કરીને પ્રેમિકાએ પોલીસને ફોન કરીને પ્રેમીની કરતૂતની જાણ કરી દીધી હતી. જેથી પ્રેમી હરેશ પટેલ પ્રેમ સંબંધો નહી રાખે તો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયો હતો. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મંદિરની રાજનીતિ કરનારાને અયોધ્યાના લોકોએ પાઠ ભણાવ્યો, હું તો ડરી ગયો હતો..: શરદ પવાર



૨૦૨૪: ઉત્તર પ્રદેશની ફૈઝાબાદ લોકસભા બેઠક પરથી ભાજપની હાર હજુ પણ ચર્ચામાં છે. તેનું કારણ એ છે કે, આ લોકસભા બેઠક હેઠળ અયોધ્યા પણ આવે છે જ્યાં રામ મંદિર બન્યું છે. રામ મંદિરનો ઉલ્લેખ ભાજપના નેતા સતત પોતાના ભાષણમાં કરી રહ્યા હતા અને તેની ચર્ચા હતી. આવી સ્થિતિમાં અયોધ્યાની હારે ભાજપ સહિત તમામને ચોંકાવી દીધા છે. હવે દ્રઝઁના નેતા શરદ પવારે પણ તેના પર ટિપ્પણી કરી છે અને પરિણામને અયોધ્યાના મતદારોની સમજદારી ગણાવી છે. તેમણે કહ્યું કે, અયોધ્યાના લોકોએ ભાજપના ઉમેદવારને હરાવીને બતાવી દીધું કે, 'મંદિરની રાજનીતિ'ને કેવી રીતે ઠીક કરી શકાય.આપણા દેશના લોકો ઘણા સમજદાર છેપવારે બારામતીમાં એક બેઠકમાં કહ્યું કે, ભાજપે પાંચ વર્ષ પહેલા ૩૦૦થી વધુ બેઠકો હાંસલ કરી હતી પરંતુ આ વખતે તેની બેઠકની સંખ્યા ઘટીને ૨૪૦ રહી ગઈ છે જે બહુમતથી ઘણી ઓછી છે. તેમણે કહ્યું કે, મને લાગી રહ્યું હતું કે, રામ મંદિર ચૂંટણી એજન્ડા હશે અને સત્તારુઢ પાર્ટીને મત મળશે પરંતુ આપણા દેશના લોકો ઘણા સમજદાર છે. પવારે કહ્યું કે, જ્યારે લોકોને અનુભવ થયો કે, મંદિરના નામ પર વોટ માંગવામાં આવી રહ્યા છે તો તેમણે અલગ રાહ અપનાવાનો નિર્ણય કર્યો અને ભાજપે હારનો સામનો કરવો પડ્યો.

## જમ્મુ કાશ્મીરમાં થયેલા આંતકવાદી હુમલાના પગલે બજરંગ દળ દ્વારા ગાંધીનગરમાં પૂતળા દહન કરાયું

જમ્મુ કાશ્મીરમાં વૈષ્ણવદેવી કટરા થી શીવખોડી જતા સમયે ૯ જુનના દિવસે હિંદુ શ્રદ્ધાળુઓની બસ પર આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવતા ૧૦ જેટલા હિંદુ યાત્રીઓના મોત નિપજ્યા હતા. જેનાં વિરોધમાં આજે ગાંધીનગરમાં પૂતળા દહન કરીને કલેક્ટરને આવેદનપત્ર આપી હુમલા સંદર્ભ કેન્દ્ર સરકાર સખત પગલાં લેવાની માંગણી કરાઈ હતી.જમ્મુ કાશ્મીરમાં ધાર્મિક યાત્રાઓ પર નીકળેલા શ્રદ્ધાળુઓ પર આતંકવાદી ઓ દ્વારા બસને ટાર્ગેટ કરી શ્રધ્ધાળુઓ પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેમા ૧૦ શ્રધ્ધાળુઓને મારી નાખવામાં આવ્યા અને અન્ય ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલ છે. જેના વિરોધમાં બજરંગ દળ દ્વારા સમગ્ર દેશભરમાં વિરોધ પ્રદર્શન યોજવાનું નક્કી થયું હતું.

જે અન્વયે આજે ગાંધીનગર બજરંગ દળ દ્વારા આતંકવાદના વિરોધમાં પૂતળા દહન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં બજરંગ દળના કાર્યકરોએ ભાગ લઈ પૂતળા દહન કર્યું હતું.

## ગાંધીનગર મહાનગર પાલીકાનું મેયર પદ બ્રાહ્મણ કોર્પોરેટને આપવા બ્રહ્મ સમાજની માંગ

ગુજરાતમાં વસતા ૭૦ લાખથી વધારે બ્રાહ્મણ પરિવારો વર્ષોથી ભારતીય જનતા પાર્ટી સાથે કર્મઠ અને શિસ્તબધ્ધ રીતે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા છે અને પાયાના કાર્યકર તરીકે કાર્ય કરતા આવેલ છે.

ગાંધીનગર મહાનગર પાલીકામાં હાલમાં પાંચ બ્રાહ્મણ કોર્પોરેટરોને બ્રહ્મ સમાજે ચૂંટાઈને સ્થાન આપેલ છે. જેમાં ચાર બ્રાહ્મણ બહેનો ખૂબ જ ઉત્સાહ, ખંત અને નિષ્ઠાથી પાર્ટીના પાયાના કાર્યકર તરીકે ગાંધીનગરની જનતાની સેવા કરી રહેલ છે. જેમના ઉત્સાહમાં વધારો કરી કાર્યની કદર રૂપે ગાંધીનગરનું મેયર પદ જયારે જનરલ સ્ત્રી અનામત તરીકે રહેલ હોય ત્યારે બ્રહ્મ સમાજ એકી અવાજે એક સંપ થઈ ચારમાંથી કોઈ એક કોર્પોરેટર બહેનને મેયર પદ આપી સમાજની નિષ્ઠાની ભારતીય જનતા પાર્ટી કદર કરે તેવી સમાજની માંગ ઉઠવા પામેલ છે. જેને શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષાના મહામંત્રી શ્રી ડૉ. અશ્વિન ત્રિવેદીએ ગાંધીનગરના મેયર પદે બ્રાહ્મણ સ્ત્રી કોર્પોરેટરને સ્થાન આપવા સમર્થન જાહેર કરી ભારતીય જનતા પાર્ટીના મોવડી મંડળને વિનંતી કરી છે તથા બ્રહ્મ સમાજને ન્યાય અપાવવા વિનંતી કરેલ છે.

## ગાંધીનગરના ગીયોડ બ્રિજ પાસે કારમાંથી વિદેશી દારૂ-બિયરની ૩૮૨ બોટલો સાથે એક ઝડપાયો

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે પેટ્રોલીંગ દરમ્યાન મળેલી બાતમીના આધારે ગીયોડ બ્રિજ પાસે દારૂ ભરેલી ગાડીમાંથી ૪૦ હજારથી વધુની કિંમતની દારૂ - બિયરની ૩૮૨ બોટલો સાથે એક ઈસમને ઝડપી લઈ કુલ રૂ. ૩.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે અંધારાનો લાભ લઈ મુખ્ય સૂત્રધાર નાસી જવામાં સફળ રહ્યો છે.ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ - ૨ ની ટીમ ચીલોડા પોલીસ મથકની હદ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. એ વખતે બાતમી મળી હતી કે, એક સફેદ કલરની ગાડીમાં વિદેશીદારૂ ભરેલો છે. અને ગાડી હિંમતનગરથી ચિલોડા થઈ અમદાવાદ તરફ જવાની છે.જે હકીકતના આધારે પોલીસે ગીયોડ બ્રીજના છેડે વોચ ગોઠવી દેવામાં આવી હતી. બાદમાં બાતમી મુજબની ગાડી આવી પહોંચતા બેટરીનો ઈશારો કરીને રોકાઈ જવાની સૂચના પોલીસે આપી હતી. જેથી ગાડી બ્રિજથી થોડેક દૂર ઉભી રહી ગઈ હતી. અને ગાડીમાંથી બે ઈસમો ઉતરીને ભાગવા લાગ્યા હતા.જે પૈકીના એક ઈસમને પોલીસે પીછો કરીને ઝડપી લીધો હતો. જ્યારે બીજો ઈસમ અંધારાનો લાભ લઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. બાદમાં પોલીસે ગાડીની તલાશી લેતાં અંદરથી વિદેશી દારૂ - બિયરની ૩૮૨ બોટલો મળી આવી હતી.

તંત્રી લેખ......

# હવે ઓટો, ચોરી-આગ, હોમ ઈન્સ્યોરન્સના ક્લેમ આ સ્થિતિમાં નામંજૂર થશે નહીં

વીમાધારકોને રાહત આપતાં જનરલ ઈન્સ્યોરન્સના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈફ્ઢછૈં)એ જનરલ ઈન્સ્યોરન્સના નિયમોમાં ફેરફાર કરતો માસ્ટર સર્ક્યુલર જારી કર્યો છે. માસ્ટર સર્ક્યુલર અનુસાર, હવે ઈન્સ્યોરન્સ કંપનીઓ પર્યાપ્ત ડોક્યુમેન્ટ ન હોવાનું જણાવી ક્લેમ રદ કરી શકશે નહીં. આ નિયમ માત્ર જનરલ ઈન્સ્યોરન્સ માટે લાગૂ કરવામાં આવ્યો છે. જનરલ ઈન્સ્યોરન્સના ક્લેમમાં સરળીકરણ અને ગ્રાહક કેન્દ્રિત ઈન્સ્યોરન્સ સોલ્યુશન્સ પ્રદાન કરવાના હેતુ સાથે ફેરફારો કરવામાં આવ્યા છે. જનરલ ઈન્સ્યોરન્સ બિઝનેસ અંગે જારી આ વ્યાપક માસ્ટર સર્ક્યુલરમાં અગાઉ જારી ૧૩ સર્ક્યુલરને સુધારા સાથે સમાવી લેવામાં આવ્યા છે.' ઈફ્ઢછૈંએ કહ્યું કે, ગ્રાહકની વ્યક્તિગત જરૂરિયાતો પૂરી કરવા તેમને પર્યાપ્ત વિકલ્પ પૂરા પાડી તેમના ઈન્સ્યોરન્સના અનુભવમાં વધારો કરવા નવા નિયમો ઘડવામાં આવ્યા છે. વીમાધારક ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ વિશે સંપૂર્ણ માહિતી સરળતાથી સમજી શકશે. રિટેલ ગ્રાહકો કોઈપણ સમયે તેમની આ પોલિસી રદ કરી શકે છે. વીમા કંપનીઓ માત્ર છેતરપિંડીના આધારે સાત દિવસની નોટિસ જારી કરી પોલિસી રદ કરી શકશે.

### "નિર્મળ ગુજરાત સ્વચ્છતા પખવાડીયા" અંતર્ગત

# શહેરમાં આવેલા તમામ અર્બન પ્રાઇમરી હેલ્થ સેન્ટર, ગવર્મેન્ટ ડિસ્પેન્સરી અને આંગણવાડીઓ ખાતે સફાઇ કરવામાં આવેલ



રાજયની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ધાર્મિક સ્થળો, પ્રવાસન સ્થળો, એન્ટ્રી પોઈન્ટ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ સહિતના જાહેર સ્થળો પર સ્વચ્છતા સુનિશ્ચિત કરવા તેમજ નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવા અને સ્વચ્છતા પહેલમાં દ્દંતથા સ્થાનિક સમુદાયોને સામેલ કરવા તેમજ જાહેર સ્થળોએ સ્વચ્છતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે સ્વચ્છ ભારત મિશન અર્બન -ગુજરાત દ્વારા તારીખ ૧ જૂન થી તા. ૧૫ જૂન ૨૦૨૪ દરમિયાન નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત સ્વચ્છતા પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવેલા તમામ અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર, ગવર્મેન્ટ ડિસ્પેન્સરી અને આંગણવાડીઓ ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી. આ સફાઈ ઝુંબેશમાં મદદનીશ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, મદદની નિયામકશ્રી સેનિટેશન, મેડિકલ ઓફિસરશ્રીઓ આરોગ્યના કર્મચારીઓ અને આંગણવાડી કાર્યકર બહેનો અને સેનિટેશન શાખાના કર્મચારીઓ જોડાયા હત.

અત્રે ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલ ખાતે પણ નિર્મળ ગુજરાત સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત આજે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં સિવિલ સુપ્રિટેન્ડન્ટશ્રી, આર.એમ.ઓ, મદદનીશ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, નર્સિંગના સ્ટુડન્ટ અને સિવિલ હોસ્પિટલનો સ્ટાફ જોડાયા હતા.

### ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ આયોજિત રક્તદાન સપ્તાહ અંતર્ગત માણેકચોક સોના ચાંદી દાગીના એસોસિએશન નો કેમ્પ



**ગરમી ની સીઝન મા લોહી ની જરૂરિયાત વધી જાય છે ત્યારે વિવિધ સંસ્થા ઓના ભગીરથ પ્રયાસ થી રક્તદાન સપ્તાહ ઉજવામા આવે છે**

**આજ રોજ શ્રી માણેકચોક સોના ચાંદી દાગીના એસોસિએશન ના ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું ૫૦ થી વધુ રક્તદાતાઓ એ આજે રક્તદાન કરેલ છે.**

# પાટણમાં બુક સ્ટોલ પર ચોપડા નોટોની ખરીદીનો ધમધમાટ શરુ થયો, સ્ટેશનરી સહિત સ્કુલ યુનીફોર્મના ભાવમાં વધારો

પાટણ જીલ્લા સહિત સમગ્ર રાજયભરમાં આવતી કાલે ૧૩ જુન ૨૦૨૪ ના નવા શૈક્ષણિક સત્રના પ્રારંભની ઘડીઓ ગણાઈ રહી છે. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ પૂર્વે પાટણ શહેરમાં ચોપડા, નોટબુક અને સ્કુલ યુનીફોર્મની ખરીદીનો ધમધમાટ ધીમા પગલે શરુ થયો છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે સ્ટેશનરી સહિત સ્કુલ યુનીફોર્મના ભાવમાં ૨૦ થી ૨૫ વધારો થતાં વાલીઓને ખીસ્સા પર આર્થિક બોજો પડશે.આવતી કાલે ૧૩ જૂનથી રાજ્યમાં વર્ષ ૨૦૨૪-૨૫ નું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે. પાટણમાં બુક સ્ટોલ પર વાલીઓ અને વિદ્યાર્થીઓનો ચોપડાની ખરીદી માટે ધસારો જોવા મળી





રહ્યો છે. જોકે આ વખતે પણ સ્ટેશનરીના ભાવમાં વધારો જોવા મળ્યો છે જેને લઈ વાલીઓને ઉપર અસર વર્તાવા લાગી છે.

પાટણ શહેરની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોની શૈક્ષણિક કીટ લેવા માટે વાલીઓને મોંઘવારીનો માર મારવો પડ્યો છે. ચાલુ વર્ષે ફુલ સ્કેપ ચોપડા ૩૦૦ રૂપિયા થી લઇ સારા કોવલેટી ના ચોપડા ૭૨૦ રૂપિયા સુધી ભાવે વેચાય છે જ્યારે નોટબુકો ૩૦૦ થી લઇ ૪૨૦ રૂપિયા ભાવે વેચાય છે.

પાટણ શહેરમાં ઘણા વર્ષોથી સ્ટેશનરીનો વ્યવસાય કરતાં વેપારીએ જણાવ્યું હતું કે હાલમાં દરેક વસ્તુઓમાં ભાવ વધારો જોવા મળી રહ્યો છે.

# જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાનું સુપર સર્વેલન્સઃ હિલિયમ એરોસ્ટે ડ્રોનથી ૩૦૦ મીટરની ઊંચાઈથી ૫ કિમી એરિયામાં બાજનજર રખાશે

અમદાવાદ શહેરમાં ૭ જુલાઈ અને અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા નીકળશે. ઓડિશાના જગન્નાથ પુરી બાદ દેશની બીજા નંબરની સૌથી મોટી રથયાત્રા અમદાવાદમાં નીકળે છે. રથયાત્રામાં માત્ર અમદાવાદીઓ જ નહી બીજા રાજ્યો સહિત આસપાસના શહેરો અને ગામડાંમાંથી હજારો ભક્તો જોડાય છે. ત્યારે સંવેદનશીલ વિસ્તારોમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાશે. આ વખતે ભારત-પાકિસ્તાન બોર્ડર પર સર્વેલન્સ માટે ઉપયોગમાં લેવાતું ઈઝરાયેલી ટેક્નોલોજીનું હિલિયમ એરોસ્ટે બલૂન રથયાત્રામાં વપરાશે. આ બલૂનમાં ૩૦૦ મીટરની ઊંચાઈથી હાઈ રિઝોલ્યુશન કેમેરા સાથે એક્ટિવ કરાશે, જે પાંચ કિલોમીટર વિસ્તારને કવર કરશે. જે તે વિસ્તારની તમામ ગતિવિધિને ઝીલી લેશે. જેથી સંવેદનશીલ વિસ્તારમાં શંકાસ્પદ પ્રવૃતિ પર નજર રહેશે અને સુપર સર્વેલન્સથી પોલીસ સુરક્ષા વ્યવસ્થામાં એક કદમ





આગળ રાખશે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર જીએસ મલિકે જણાવ્યું હતું કે, શહેરમાં આ વખતે હિલિયમ એરોસ્ટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવનાર છે, જેને એજન્સીઓ પાસેથી મંગાવવામાં આવી રહ્યું છે. સામાન્ય રીતે સરહદી વિસ્તારમાં તેનો ઉપયોગ થતો હોય છે, આ વખતે અમદાવાદના સંવેદનશીલ વિસ્તારમાં તેનો ઉપયોગ થવાનો છે.

અમદાવાદમાં આ વખતે રથયાત્રામાં ખાસ આકર્ષણ તરીકે શહેરના સંવેદનશીલ વિસ્તારમાં હિલિયમ એરોસ્ટે ડ્રોનનો ઉપયોગ થવાનો છે, જેને હિલિયમ બલૂન સાથે ૩૦૦ મીટર ઉપર હવામાં સ્થાયી કરવામાં આવશે. આ બલૂનની ચારે તરફ હાઈ રિઝોલ્યુશન કેમેરા નાઈટ વિઝન ફોકસ હોય તેવા લેન્સ અને તેને ખાસ મોનિટરિંગ કરી શકાય તેવા એક્સપર્ટને આ માટે રાખવામાં આવશે. સામાન્ય રીતે આ ટેક્નોલોજીનો ઉપયોગ સરહદી વિસ્તારમાં થાય છે, તેમ જ જમ્મુ કાશ્મીરમાં જ્યાં તંગદિલી જેવું વાતાવરણ હોય છે. એટલે કે કોઈ જગ્યાએ આશંકા કે ટોળા ભેગા થાય તે સમયે કઈ રીતે મોનિટરિંગ કરાય તેના માટે આખી વ્યવસ્થા આ બલૂન દ્વારા કરવામાં આવે છે અને તેનું મોનિટરિંગ કર્યા બાદ સ્થાનિક એજન્સી તેનું ડિટેઈલિંગનું કામ કરે છે. આ વખતે અમદાવાદની રથયાત્રામાં પણ આ એરોસ્ટે ડ્રોન ઉપયોગમાં આવશે. જેના કારણે શહેરના મહત્વના વિસ્તારોમાં તેનાથી પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં મોનિટરિંગ કરી શકાશે.

અમદાવાદ શહેરમાં હવે રથયાત્રાને ગણતરીના દિવસો બાકી છે, તે માટે શહેર પોલીસ અને રાજ્યના પોલીસવાળા સહિતના તમામ અધિકારીઓ દ્વારા ખાસ પ્લાનિંગ કરી દેવામાં આવી છે. અમદાવાદની રથયાત્રા ખૂબ જ મહત્વની રથયાત્રા છે, જ્યાં મુખ્યમંત્રી ખુદ પહિન્દ વિધિ કરવા આવે છે અને ભગવાન જગન્નાથ રથયાત્રાનો પ્રારંભ કરાવે છે. આ વખતે ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા માટે અમદાવાદ શહેર પોલીસ કમિશનરના ઉદ્ઘાટન પહેલાં જ કંટ્રોલરૂમ શરૂ કરી દેવામાં આવશે, જેથી અત્યાધુનિક ટેક્નોલોજીનો સૌથી વધુ ઉપયોગ કરી શકાય. આ વખતે અલગ અલગ જગ્યાએ સીસીટીવી કેમેરા તેમજ ડ્રોન અને સ્થાનિક લેવલે કરવામાં આવેલી પોલીસની મિટિંગ્સના કારણે કોમી ભાઈચારા ભર્યું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ પોલીસ દ્વારા કરવામાં આવ્યો છે.

આગામી મહિનો યોજાનારી ભગવાન જગન્નાથની રથયાત્રાની તૈયારીઓ હવે શરૂ થવા જઈ રહી છે. જમાલપુર જગન્નાથ મંદિર ખાતેથી રથયાત્રા નીકળે છે. ત્યારે લાખોની સંખ્યામાં રથયાત્રામાં આવતા દર્શનાર્થીઓની સુરક્ષાને લઈને પોલીસ કમિશનર અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ જમાલપુર જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ અને ટ્રસ્ટી મહેન્દ્ર ઝા સાથે જગન્નાથ મંદિર ખાતે ૨જી જૂને બેઠક કરી હતી. દર વર્ષની જેમ રથયાત્રામાં કેન્દ્રીય ગૃહ મંત્રી સહિતના નેતાઓ અને મોટી સંખ્યામાં નાગરિકો આવતા હોવાના કારણે સુરક્ષાને લઈને ચર્ચા કરવામાં આવી હતી.

દર વર્ષે રથયાત્રામાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. સંવેદનશીલ વિસ્તારોમાંથી રથયાત્રા પસાર થતી હોવાથી સુરક્ષા વ્યવસ્થાને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. રથયાત્રાના રૂટ અને જમાલપુર જગન્નાથ મંદિર ખાતે પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવતો હોય છે.

**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક**
**સાહિત્ય સરિતા-**
**આયોજક : પ્રદીપ રાવલ**




**NOG SS NO.195**
વિષય :- વહેતો સમય
શીર્ષક :- સમય નથી
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૯૬

૧૨૧૨ ૧૨૧૨ ૧૨૧૨ ૧૨૧૨
સમય નથી હવે કોઈ ની પાસે બસ સમય નથી,
ફરે રખડતો ને કહે એ સૌને બસ સમય નથી.

દુકાને બીડી ફૂંકે છે ને જ્યાં ત્યાં ગામમાં ફરે,
ઘરે જ બેસવાને પણ લો એને બસ સમય નથી.

ભલાઈની એને કદી ખબર પડી નથી જરાય,
બુરાઈના સિવાય પણ કહોને બસ સમય નથી.

સમયને રોકવો નથી જ શક્ય જ્યારે આપણે,
હવે કહેતા ના ફરો બધાને બસ સમય નથી.

આ શ્વાસ છૂટે પે'લા સૌ આ જિંદગીને માણી લો
ન 'કો ભલા કદીને પણ કોઈને બસ સમય નથી.

પળો વિતે છે આપણી ઘડીના કાંટા અટકે ક્યાં,
ખુશીથી પ્રેમથી કહો સમયને બસ સમય નથી.

ચંદ્રવદન મહેતા "માશૂક"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**
વિષય: વહેતો સમય
શીર્ષક: વહેતો રહે સમય
પ્રકાર: પદ્ય શબ્દો:૧૦૦

કોઈનો? રોક્યો ક્યાં રોકાય છે,
આ તો વહેતો રહે સમય.!

વાપરો તો વધી પડે છે,
ગણો તો ખૂટી જાય છે સમય.!

સંગ્રહ કરો તો નીકળી જાય છે,
સાચવી લો તો તમારો થાય છે સમય.!

સમય કોઈનો થયો નથી,
કોઈનો થવાનો નથી સમય.!

સમય પાસે એટલો સમય નથી,
સમય તમને આપે સમય.!

સમયને નથી પગ તોય સરકી જાય છે,
સાચવી લો સમય તમને સાચવશે સમય.!

સમય સમયને માન સમય જોઈ થાય સગાં,
સમય ખરાબ હોય તો બધા જાય આઘાં.!

'પ્રેમ' જિંદગી આમ જ વીતતી જાય છે,
ખેલ કરાવે સમય ઓળખવો પડે સમય?.!

?? પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 209**
વિષય- વહેતો સમય
શિર્ષક- થાય પ્રગતિ
પ્રકાર - પદ્ય શબ્દો - ૭૨

વહેતો સમય

સમય હોય કે પાણી વહેતું જ સારૂં
કરવી હોય પ્રગતિ,સમય રાખ વહેતો
સમય અટકે,સર્જાય શૂન્યાવકાશ જીવનમાં.

સમય અટકે, જીવનની અટકે પ્રગતિ,બિબાઢાળ,નિરસ બને જિંદગી

સમય વહેતો,લાવે પરિવર્તન,રીત જિંદગીની બદલાય.
આવે ઉલ્લાસ,ઉમંગ,નવતર રીતે ઘડાતું જીવન.

વહેતો હશે સમય તો જ સમજાશે
જિંદગીનાં મૂલ,
પેઢી દરપેઢીનાં મૂલ બદલાતાં,વહેતાં સમયથી

'સ્વધા' સ્વીકાર વહેતાં સમયને, નહીં તો બનીશ જડ
વહેતાં સમયથી જ જીવન બંને નિર્મળ.

?? સુધા પુરોહિત 'સ્વધા'
ગામ- હોનોલુલુ (હવાઈ અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 169**
વિષય - વહેતો સમય
શીર્ષક - સમયને સાચવ
પ્રકાર - પદ્ય....શબ્દો - ૮૪

સમય નામનું સોનું સોહે તારા હાથમાં માનવ,
આયોજન ને અમલ કર સમયને સાચવ.

વહેતો સમય કદી નહિ આવે પાછો જાણજે!
સોનેરી સમયને પારખી જીવનને હેતે માણજે.

સમય અને કાર્ય બંને એક સિક્કાની બે બાજુ,
સમયનું વિભાજન સુપેરે કરી સફળતાને વરજે.

ગત સમયનું મૂલ્યાંકન કરી ભૂલોને સુધારજે,
આવતાનું અવલોકન કરી આયોજન કરજે.

સમયની વહેતી નદીમાં નાવ હરખે ચલાવ માનવ,
સમયની વહેતી ધારા સંગ સમયને માન આપજે.

લતાબેન ચૌહાણ.. "સોનાવેલ" (ગોધરા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS No- 162**
વિષય- વહેતો સમય
શિર્ષક - સમય વર્તે સાવધાન
પ્રકાર- પધ , શબ્દ -૫૫
નામ - રેખા નાકરાણી.નવી મુંબઈ

સમય સમયની છે વાત સરકતો સમય નથી કોઈ ના હાથ.

નથી જાલયો જલાતો આ સમય
રોકતા નથી રોકાતો .

સારા સમયની સૌ ને છે વાટ
સમય સારા મા સૌ આપે સાથ

સમય નુ મુલ્ય છે ખુબજ મોટુ
કરીલયો ઉપયોગ ભરપુર

સારો નરસો આવે છે સમય
રાખવી તૈયારી જબરી કાયમ

મહામુલ્લો છે આ કિમતી સમય
કાળજી થી કરવાના છે કામ

સારો સમય કાયમ નથી રહેતો
કોઈનો. સમય વર્તે સાવધાનપ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 335**
વિષયઃ—વહેતો સમય
પ્રકારઃ—ગદ્ય..શબ્દો - ૩૫૦
શિર્ષકઃ—"સમય ની વહેતી ધારા"

ક્યાંક વીતી ગયો છે આપણો સમય, તો ક્યાંક આગળ હજુ બાકી આવવાનો છે સમય,સમય ની આ ધારા કાયમ વહેતી જ રહે છે ક્યારેય રોકાતી જ નથી આ વહેતી ધારા ને તો એના અગાઉ નક્કી કરેલા કાર્યો સુધી પહોંચવું છે જલ્દીથી...માટે એ વહયા જ કરે છે, વહેતો સમય ખૂબ જ ઉજવળ છે, પ્રકાશિત છે,તીવ્ર ગતિથી પોતાનાથી બનતા કાર્યોને અંજામ આપતો જાય છે. મિત્રો આપણે કોઈપણ કાર્યને મોકુફ ન રાખવું જોઈએ કારણ કે, આજનું કામ આપણે આવતીકાલ પર છોડીએ છીએ અને આવતીકાલ આવી જાય ત્યારે ફરી પાછુ આવતીકાલ પર છોડી દઈએ છીએ, આમ આપણું કામ પણ બગડશે અને આપણો સમય પણ, સમય વગાડાવો નહીં. સમય એક વખત વયો જાય પછી ફરી આવતો નથી હા સમય જરૂર પાછો આવવાની રાહ આપણે જોતા હોઈએ છીએ પરંતુ ત્યાં દિવસ બદલાઈ જતો હોય છે એ દિવસનો જે સમય હતો એ સમય તો ક્યારેય પાછો ન જ આવે.
આપણા મહાપુરુષોએ વહેતા સમયની સાથે પોતાના કાર્યોમાં સફળતા મેળવી છે વ્યક્તિ પણ પોતાના ધારેલા કાર્યોમાં સમયનો સારો ઉપયોગ કરી ને સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. એક દિવાલ પર લગાવેલી ઘડિયાળ પણ આપણને સમય સાથે ચાલ્યા જ કરતા રહેવાની શીખ અને સલાહ સુચન આપ્યા કરે છે કે...મારામાં બેટરી ખુટી જશે તો પણ સમય રોકાવાનો નથી, કોઈથી બાંધ્યો બંધાવવાનો નથી,સમય કહે છે કે મારી સરખામણી તમે બીજા કોઈ સાથે નહીં કરી શકો.ઘડિયાળ કહે છે જ્યાં સુધી મારામાં બેટરી પૂરાતી રહેશે ત્યાં સુધી મારે કામ આપ્યા જ કરવાનું છે તેમ વ્યક્તિએ પણ જ્યાં સુધી ઈશ્વરીય શક્તિઓ મળતી રહે છે ત્યાં સુધી થાકીને બેસી નથી જવાનું, કોઈ પણ પ્રવૃત્તિ કાર્ય કરતું જ રહેવાનું છે જ્યાં સુધી માણસની અંદર રહેલી શક્તિઓ સલામત છે ત્યાં સુધી સતત ચાલતું જ રહેવાનું છે.

મારા અનુમાન મુજબ આ જગતમાં જે જ્ઞાની અને બુદ્ધિશાળી વ્યક્તિઓનો સમય કાવ્યશાસ્ત્ર, કળા અને વિજ્ઞાનના અભ્યાસમાં જતો રહે છે જ્યારે,મૂર્ખ અને અજ્ઞાનીનો સમય ઊંઘમાં અને કલેશ કંકાશમાં જતો રહે છે. જે માણસ સમયને સારી રીતે જાણે છે એ પોતાની એક ક્ષણ પણ બગાડતો નથી તે વ્યક્તિ ખૂબ જ ભાગ્યશાળી છે. એટલું ચોક્કસ પણે કહી શકાય કે કાલનો આવનારો સમય સારો વીતે એ માટે સારા વિચારો વાણી, વર્તન,પરિસ્થિતિ અને વ્યવહારો પર જો ધ્યાન રાખીશું તો કદાચ સમયને જીતી શકીશું.

બીના આહિર "ધરતી"(ભાવનગર રાજપરા ખોડિયાર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 193**
વિષય - વહેતો સમય
શિર્ષક - બસ પામવાનું છે..
પ્રકાર - પદ્ય શબ્દો - ૫૧

સમય સાથે બસ દોડવાનુ છે..
સમજ નથી ક્યારે અટકવાનુ છે..

મારગ તો ઘણા છે જીવવાના,
સાચો મારગ કયો? સમજવાનુ છે..

સમજણ સાથે કરી લે ગોઠવણ,
દુઃખ આવે તો હસતાં ઝીલવાનુ છે..

સબંધોની માયા કયાં સુધી?,
શ્વાસ અટકે બધુ છોડવાનુ છે..

કરી લે તુ આત્માની ખોજ,
શાંતી મળે ત્યાં 'છાયા' પામવાનુ છે..

છાયા શાહ.મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

# મનસ્વી

શેઠ સુધીરભાઈને બંગલે એમની પુત્રવધૂએ ડોક્ટરેટની ડિગ્રી મેળવતા પાર્ટી હતી. પુત્રવધૂની સફળતા માટે સૌ ખૂબ ખુશ હતા.
મનસ્વી નામ પ્રમાણે જ સંવેદનશીલ અને આત્મગૌરવવાળી હતી. મનસ્વી નાનપણથી જ ખૂબ હોશિયાર અને મેધાવી. બધી જ પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લેતી. જ્યાં પણ મનસ્વીની હાજરી હોય ત્યાં એ માહોલને હર્યોભર્યો કરીને છવાઈ જતી.
મનસ્વી જયારે કૉલેજમાં હતી ત્યારે જ જ્ઞાતિના સંસ્કારી અને સાધનસંપન્ન સુધીરશેઠને ત્યાંથી એમના તેજસ્વી પુત્ર આહાન માટે માગું આવ્યું. આટલું સરસ ઘર અને સરસ છોકરો હોય તો કોણ ના પાડે, પણ મનસ્વીના પપ્પાએ કહ્યું મનસ્વી હજી ભણે છે. અમને બીજો કશો વાંધો નથી પરંતુ લગ્ન પછી પણ તે ભણવાનું ચાલુ રાખશે. સુધીરભાઈએ મનસ્વીના પિતાને કહ્યું હું તમને વચન આપું છું મનસ્વીને જેટલું ભણવું હશે તેટલું તે ભણશે તેમાં અમારા તરફથી કોઈ અવરોધ નહીં આવે અને મનસ્વીના લગ્ન આહાન સાથે થઈ ગયા.




સુધીરશેઠને ત્યાં મનસ્વીને ભણવાની બધી જ સગવડ અને સહકાર મળ્યાં. પાર્ટીમાં આવેલ મહેમાનોએ મનસ્વીની સાથોસાથ સુધીરભાઈ, સુવર્ણાબહેન અને આહાનના મુક્તવિચારને બિરદાવ્યા.
પાર્ટી પૂરી થયા પછી આહાને મનસ્વીને પૂછ્યું, ''મેડમ તમારી સરસ્વતીની આરાધના પૂરી થઈ ?''
''ના, સરસ્વતી દેવીની આરાધના તો ચાલુ જ રહેશે. મેં બે ત્રણ ગવર્મેન્ટ કૉલેજમાં એપ્લાય કર્યું છે, જોઈએ શું જવાબ આવે છે.''
આહાન કહે, ''નોકરી ! નો વે , આપણા ઘરમાં કોઈએ નોકરી નથી કરી અને આપણે પૈસાની શું જરૂર છે?''
''હા, પૈસાની જરૂર નથી પરંતુ જો કૉલેજમાં નોકરી મળે તો આ એક એવું માધ્યમ છે કે ત્યાં હું આદર્શ યુવાપેઢી તૈયાર કરી શકું. તેમાંથી જો થોડા વિદ્યાર્થીઓ પણ આદર્શ મૂલ્યવાળા બહાર પડે તો મને પણ મારું ભણતર સાર્થક લાગે.''
ઘરમાં ભૂકંપ મચી ગયો. બધાનો એક જ સૂર, '' ના, નોકરી તો નહીં જ.''
મનસ્વી સમજદાર પરંતુ આત્મગૌરવવાળી. તે ઘરમાં ઝગડા ઊભા કરી ઘરની શાંતિ હણવા નહોતી માંગતી.
થોડો સમય જવા દઈને એક દિવસ તેણે કહ્યું, ''હું થોડા દિવસ મમ્મીને ત્યાં રહી આવું.''
આવીને તેણે જણાવ્યું, '' હું ઈન્ટરવ્યૂમાં સિલેક્ટ થઈ ગઈ છું.''
ઘરમાં બધાનો એક જ સૂર ''ના, નોકરી તો નહીં જ''
મનસ્વીએ સમજાવ્યું, ''મને પૂરો વિશ્વાસ છે. હું નોકરી સાથે ઘરની તમામ જવાબદારી ખૂબ સારી રીતે નિભાવીશ."
મનસ્વીના સાસુ સુવર્ણાબહેન સમજદાર હતાં એમણે પણ સારું એજ્યુકેશન લીધું હતું . લગ્ન વખતે તેમને પણ પોતાની કેરિયર બનાવવાના ખૂબ અરમાન હતા, તેમને થયું ભલે મને નહીં તો મનસ્વીને આ તકમળવી જોઈએ. પરંતુ એ પતિની વિરુદ્ધ ન જઈ શક્યાં.
મનસ્વીનાં સમજાવવા છતાં ઘરમાં કોઈએ આ વાતને મંજૂરી ન આપી..
મનસ્વી પોતાના ઈરાદામાં મક્કમ હતી. તેણે ઘરમાં ફરી એકવાર બધાને સમજાવવાનો પ્રયત્ન કર્યો. હું જાણું છું તમને બધાને પણ એક પુત્રવધૂ પાસેથી અપેક્ષા હોય. તમારી અપેક્ષામાં હું ક્યાંય પણ ઊણી નહીં ઉતરું. મેં બે ત્રણ જગ્યાએ ઈન્ટરવ્યૂ આપ્યા છે તેમાં હું આપણા શહેરમાં અને બહારગામની એમ બંને કૉલેજમાં સિલેક્ટ થઈ છું. જો તમે ના પાડશો તો મારે ના છૂટકે બહારગામની કૉલેજમાં ભણવા જવું પડશે.
મનસ્વીને ઘરમાંથી સહકાર ન મળ્યો અને તેણે બહારગામની કૉલેજ જોઈન કરી. જતી વખતે સાસુ -સસરા બંનેને પગે લાગી અને કહ્યું, હું મારી ફરજ ક્યારેય ચૂકીશ નહીં., જો તમે બોલાવશો તો હું આવીશ. તેણે આહાનની સામે સ્મિત કર્યું. પણ, આહાન મોઢું ફેરવી ગયો.
ઘરમાં હંમેશાં હસતી હસાવતી, ચુલબુલી મનસ્વીનો ખાલીપો બધાને કઠ્યો લગ્ન પછી મનસ્વીએ ભણવાની સાથોસાથ ઘરની પણ ઘણી જવાબદારી ઉપાડી લીધી.
સુવર્ણાબહેનને થયું મેં મારી કેરિયરનો ભોગ આપ્યો પણ હવે હું મનસ્વી સાથે તો એવું નહીં થવા દઉં.

સુવર્ણાબહેને સુધીરભાઈ અને આહાનને સમજાવતા કહ્યું, ''શિક્ષણનો વ્યવસાય તો એક ઉમદા કાર્ય છે, વળી શિક્ષણ આપવાનો એનો હેતુ નવી પેઢીમાં સંસ્કાર સિંચનનો છે. જ્યારે મનસ્વી પોતાના તરફથી સમાજના ઘડતરમાં પ્રયત્ન કરી રહી છે ત્યારે તેમાં આપણે નડતર ન બનાય.."
અંતે સુધીરભાઈ, સુવર્ણાબહેન અને આહાન કાર લઈને મનસ્વીને લેવા નીકળ્યાં.
સુધા નરેશ દવે , મુંબઈ

# બાંકડાની આવરદા વધારવા બાંકડા ઊંધા ગોઠવ્યા છે!!!!

બખડજંતર ચેનલ તરફથી હું એટલે ગિરધર ગરબડીયા-મુખ્ય-ગૌણ જે કંઇ કહો તે રિપોર્ટર અને કેમેરામેન રાજુ રદી એક નગરપાલિકાની બેઠકનું કવરેજ કરવા સ્પોટ પર પહોંચ્યા.
બેઠકમાં ભાગ લેનાર સૌ બાપના બગીચા કે લવ ગાર્ડનમાં-પરિમલ ગાર્ડનમાં ટહેલતા હોય તેમ આવી રહ્યા છે. તેમના મુખકમળ ગુટકા,પડીકીને ન્યાય આપી રહ્યા છે. જો કે, બેઠકના હોલની દિવાલો પર તમાકુ ચાવવી અપરાધ છે, તેના માટે ફલાણા કાયદાની ઢીંકણી કલમ મુજબ દંડ થઇ શકે છે.સભાગૃહની દિવાલો લાલ પિચકારીથી સુશોભિત થઇ રહી હતી. ''પાન ખાંયે શૈયા હમારા, હાંય હાર્યે મલમલકા કુરતા , કુરતે પે છીંટે લાલ'''ગીતનું અનાયાસ સ્મરણ થયું.ઝભ્ભા-લેંઘા- કોટીમાં સજ્જ સભ્યશ્રીઓ થિયેટરના કલાકોરો સમાન ભાસતા હતા.
બેઠક શરૂ થવામાં વાર હતી. બે-ત્રણ સભ્યોએ શાક માર્કેટમાં રીંગણા સો ના કિલો એવી બૂમ મારતા બકાલીની જેમ ગરમી બહુ છે, એસી મિનિમમ ટેમ્પરેચર પર સેટ કરવા સેવકોને આદેશ આપતા હતા. ત્રણ-તાર ભૂખાળવા( આમ તો દરેક ખાવા માટે તલપાપડ હોય!! હાઈ કિમાન્ડ ભલે ખંગ ખાય નહીં અને ખાવા દેવાની મનાઇ ફરમાવે) સભ્યોએ પ્રલંબ બગાસાંની શૃંખલા વચ્ચે ચપટી વગાડીને નાસ્તો ન આપો તો કાંઇ નહીં પણ હાઈકલાલાસ ચા તો પિવડાવો એવી પેયાત્મક અપીલ-આદેશ કરતા હતા. થોડાંક સભ્યો બેઠકના સભ્યો સમય અંગે કચકચ કરતા હતા. કેટલાક એજન્ડા શું છે તેની પૃચ્છા કરતા હતા. ટુંકમાં બેઠક પહેલાંનો પ્રમાદાત્મક માહોલ .સેક્રેટરી જેવો દેખાતો બુડથલ બાબુ માઇક ટેસ્ટિંગ હેલાવ હેલાવ કરતો હતો.
પ્રમુખ સાહેબ પધાર્યા. બધા મને કમને ઉભા થઇ આદર આપવાનો ડોળ કર્યો.જાતજાતની જય બોલાઇ. કમિશનર શાંતિ જાળવવા વિનંતી કરી અને બેઠક શરૂ કરવા અનુમતિ માંગી. પ્રમુખે ડોકું હકારમાં ધુણાવી સંમતિ આપી. કમિશનરે પ્રારંભિક ઉદબોધન કરવા પ્રમુખને વિનંતી કરી.
પ્રમુખે ''ભાઈઓ.,,. ''કહી બોલવાનું શરૂં કર્યું.
''સાહેબ અમારી હાજરીની નોંધ લેજો ''પ્રમુખની માનીતી છમકછલ્લોએ કામુક અંદાજમાં કોમેન્ટ કરી.
''તમારી અર્ધી રાતે પણ મીઠી નોંધ લઈએ છીએ, મેડમ!!''લાળ ટપકાવતા પ્રમુખ મહોદય વદ્યા!!
'' સાહેબ, બેઠકનો આ એજન્ડા નથી. બેઠક પછી રસિક થજો. '' પ્રમુખ વિરોધી દળના અસંતુષ્ટ પ્રમુખની ફિરકી લીધી.
'' સાહેબ અમારી ફરિયાદ છે'' સામેની બાજુ ગણીને ત્રણ સભ્યો છે. એમાંના એક સ્કૂલમાં આંગળી ઊંચી કરીને કશુંક બોલવા રજા માંગે તેમ કહ્યું.
''તમારે ક્યારે ફરિયાદ હોતી નથી. પ્રજાએ તમને ચૂંટ્યા એ જ મોટી ફરિયાદ છે. બોલો શી ફરિયાદ છે? '' પ્રમુખે કટ ટુ સાઈઝ વેતરી પૂછયું.
'' સાહેબ એજન્ડામાં પાના ઊંધાચતા છે!'' સામેના અ નામના સભ્યે ફરિયાદ કરી. પ્રમુખ જવાબ આપે તે પહેલાં ટ્રેઝરી બેંચના ક મામના સભ્યે બાઉન્ડરી લગાવી .
'' સામે છો તો ઊંધુચતું જ મળે. મળે છે તેનો આભાર માનો. સીધો એજન્ડા જોઈતો હોય તો વિપક્ષના વાડ કૂદી અમારી બાજુ આવી જાવ.''
''અમે. તમારી બાજુ આવી જઈશું તો તમને તકલીફ પડશે. અમને ટ્રેઝરી બેંચ કોઇ ક્રિમી કમિટીના ચેરમેન બનાવશે. અમારા વાળા તમારે ત્યાં આવી મંત્રી બનીને તમારી છાતી પર અડદ, મગ, મઠ દળે છે. તમે ચૂંટણી બેઠકમાં ખુરશી ગોઠવવા અને ઝંડા-પોસ્ટર લગાવ્યા કરજો. જમવામાં જગલો અને કુટવામાં ભગલો!!'' અ નામના સભ્યે શાસક પક્ષના બ નામના સભ્યને રાજકીય ચૂંટલો ખણ્યો.
'' બહુ ફિશિયારી ન કરો. તમારા એકટિંગ પ્રમુખની અમારે ત્યાં પેજ પ્રમુખની હેસિયત છે'' ટ્રેઝરી બેંચના ગ નામના સભ્યે વાસ્તવ દર્શન કરાવ્યું.
'' માનનીય સભ્યશ્રીઓ આપણી આજની બેઠકનો એજન્ડા વિકાસ કામોનો છે, સામસામા સભ્યશ્રીઓને તેમના ગંદા લૂગડાં અહીં ન ધોવા વિનંતી છે!!'' કમિશનરે વિનંતી કરી .
'' સાહેબ અમારા વિસ્તારમાં એક પણ સરકારી બ્યુટી પાર્લર નથી. અમને અર્ધી કિંમતે-ડિસ્કાઉન્ટ ભાવે લિપસ્ટિક દિનદયાળ ગ્રાહક ભંડારમાંથી આપશો કે કેમ ?'' પક્ષાપક્ષીથી પર રહી શાસક-વિપક્ષ સર્વાનુમતે વેતન વધારો કરે તેમ સામુહિક રજૂઆત કરી.
'' આ બધું આપણી નીતિમાં સામેલ નથી'' પ્રમુખે દરખાસ્ત ખારીજ કરી.
'' હાય હાય. મહિલા સશકિતકરણની જયજયકાર કરવાની અને બ્યુટી પાર્લર જેવી પાયાની જરૂરિયાત પૂરી કરવાની નહીં?? આમાં અમે કેવી રીતે સુંદર રહી શકીએ?'''' મહિલા કોર્પોરેટરોએ કાબરની જેમ કલબલ કરી !!
'' સાહેબ અમારા વિસ્તારમાં। બાંકડા ઊંધા ગોઠવ્યા છે. બાંકડા લગાવવાની પોલિસીમાં ઊંધો ફેરફાર કર્યો છે?'' જ નામના સભ્યે પૂછયું!!
'' મોંઘા ભાવના બાંકડાની આવરદા વધારવા ઉપરથી મળેલ સૂચના મુજબ બાંકડા ઊંધા ગોઠવ્યા છે, જેના ખૂબ જ ઉમદા પરિણામો મળ્યા છે'' પ્રમુખે કહ્યું!!
બેઠકમાં ચર્ચા માટે કોઇ મુદો ન હોવાથી કમિશનરે બેઠક સમાપ્ત જાહેર કરી
.
ભરત વૈષ્ણવ

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ ખાતે 'કેરિયર ગાઈડન્સ'નો કાર્યક્રમ યોજાયો



ન્યૂઝ ઓફ ગાંધીનગર, ડાંગ

તારીખ ૭ જૂનના રોજ વર્લ્ડ વિઝન ઈન્ડિયા દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-વઘઇ ખાતે ડાંગ જિલ્લાના ધોરણ ૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓ માટે 'કેરિયર ગાઇડન્સ'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લાના દોડીપાડા, ભવાડી, ચિકાર, આંબાપાડા, કોયલિપાડા, બોરપાડા, ગીરા, કોસીમપાતળ, અને ગોદડીયા ગામના કુલ ૬૧ જેટલાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમમાં વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં તજજ્ઞો સર્વશ્રી અજય પટેલ, શ્રી ડૉ.જે.બી.ડોબરીયા, સેન્ટ સ્ટીફન કોલેજ-આણંદનાં શ્રી શૈલેષ પરમાર, શ્રી રોમન શેખ, વઘઈ સરકારી પોલિટેકનિક કોલેજના શ્રી દિનેશ રાઉત, વર્લ્ડ વિઝન ઈન્ડિયાનાં પ્રોજેક્ટ ઓફિસર શ્રી પ્રસન્ના આર સહિત અન્ય વિભાગોમાંથી પધારેલ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ ધોરણ ૧૦ અને ૧૨ પછી કયા ફિલ્ડમાં જઈ શકાય, ડોક્ટર, નર્સિંગ તેમજ આઈ. ટી સેક્ટરમાં જવાં માટેના કોર્ષની પસંદગી, તેમજ આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સરકાર દ્વારા ફ્રી શિપ કાર્ડની યોજના અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.વર્લ્ડ વિઝન ઈન્ડિયા દ્વારા 'કેરિયર ગાઇડન્સ' કાર્યક્રમની સાથે સાથે 'વિશ્વ પર્યાવરણ દિવસ' અને કુપોષણને દુર કરવા 'ENOUGH' કેમ્પેઇન પણ યોજવામાં આવ્યું હતું.

# એમસીએફ મહિલા પાંખનો કાર્યક્રમ યોજાયો



બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ)ની મહિલા પાંખ દ્વારા તાજેતરમાં યોજાયેલા - બેમિસાલ બોલીવૂડ - કાર્યક્રમમાં મહિલાઓએ હિંદી ફિલ્મ્સના ગીતોની મજા માણી હતી. અનેક મહિલાએ હિંદી ફિલ્મની અભિનેત્રીઓની જેમ તૈયાર થઈને રજૂઆત કરી હતી.

### નખત્રાણા તાલુકાનાં નાગવીરી ગામના ભાગોળે આવેલા પ્રાચીન

# વાછરાદાદા મંદીર નજીક અંદાજિત છ એકર ક્ષારયુક્ત જમીન માં નવતર પધ્ધતીથી વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે

મહેશ સોની નખત્રાણા

નાગવીરી ગામના ભાગોળે આવેલા અંદાજીત પાંચસો વર્ષ જુના વાછરાદાદા મંદિર ની નજીક ક્ષારયુક્ત જમીનમાં નવતર પધ્ધતિથી નવસો જેટલા વૃક્ષોનું વવેતર કરવામાં આવશે. હાલમાં સાડા પાંચસો વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે ત્યાર બાદ સાડા ચારસો વ્રુક્ષોનું વાવેતર કરવામાં કરાશે.



આ અંગે માહિતી આપતાં ગામના અગ્રણી શ્રી ગોવિંદભાઈ હિરજી ભાઈ લીંબાણીએ જણાવ્યુ હતું કે ખારાશયુક્ત જમીનમાં છ બાય છ ઊંડાણ ચાર ફુટ ફુટનો ખાડો કરી એની અંદર કાંપ યુક્ત રેતી નાખવામાં આવશે અને એમાં વ્રુક્ષો નું વાવેતર કરવામાં આવશે.

નાગવીરી પાટીદાર સમાજનાં નેજા હેઠળ રામપર સરવા ની કે . એન .બી.ફાઉન્ડેશન ના સહયોગથી આ કાર્ય કરવામાં આવી રહ્યું છે.નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવનાબેન રાજેશભાઈ પટેલ ,ગોવિંદ ભાઈ વાસાણી, લખમશી ભાઈ લીબાણી,ચંદુભાઈ લીબાણી, કે એન બી ના રાજુભાઈ રંગાણી સહિતના અગ્રણીઓ સહયોગ આપી રહ્યા છે.

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ આયોજિત રક્તદાન સપ્તાહ



ગરમી ની સીઝન મા લોહી ની જરૂરિયાત વધી જાય છે ત્યારે વિવિધ સંસ્થા ઓના ભગીરથ પ્રયાસ થી રક્તદાન સપ્તાહ ઉજવામા આવે છેઆજ રોજ ન્યુ કલોથ માર્કેટ તેમજ મસ્કતી માર્કેટ ના ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું ૧૭૦ થી વધુ રક્તદાતાઓ એ આજે રક્તદાન કરેલ છે અને સમગ્ર કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

# અરવલ્લીના મોડાસા સ્થિત સાબરમતી ગેસ કંપનીના સીએનજી પંપ સ્ટેશન ખાતે ગેસ ટેન્કમાં નેચરલ ગેસ લિકેજથી આગ લાગી



અરવલ્લી જિલ્લાના મોડાસા સ્થિત સાબરમતી ગેસ કંપનીના ઝ્દ્ગય્ પંપ સ્ટેશનના ન્દ્ગય્ (નેચરલ ગેસ)મા ટેન્કરની પાઈપમાંથી ગેસ લિકેજથી આગ લાગતા કંપનીના કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. કંપનીના ઈમરજન્સી સંસાધનો, નગર પાલિકા ફાયરબ્રિગેડ, ડિઝાસ્ટર વિભાગના સંયુક્ત રિસ્પોન્ડીગ પ્રયાસોથી ફકત ૧૦ મિનીટની જહેમતના અંતે ગેસ લિકેજ અને આગ પર ત્વરિત કાબૂ મેળવાયો હતો. આ મોકડ્રીલમાં આગથી ઈજા પામેલા એક કર્મચારીઓને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં ખસેડાયા હતા. વાસ્તવમાં આ દુર્ઘટના નહીં, પણ એક મોકડ્રીલ હતી.

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સૂચનાથી અરવલ્લી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને સાબરમતી ગેસ કંપનીના સંયુક્ત ઉપક્રમે ગેસ લિકેજની ઈમરજન્સીમાં ત્વરિત પગલાઓ અને બચાવ રાહતકાર્યની દિલધડક રીતે મોકડ્રીલ યોજાઈ હતી. જેનો હેતુ ગેસ લિકેજ, આગ જેવા સંભવિત અકસ્માત સમયે કટોકટીના સંજોગોમાં વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક બચાવ મદદ મળી રહે તથા સંબંધિત વિભાગોમાં એક સતર્કતા જાગૃતતા જાળવવા અને જાનહાનિ થતી અટકાવવા સાથે તાત્કાલિક સારવાર પૂરી પાડીને અસરગ્રસ્ત વ્યક્તિઓના માનવ જીવનની રક્ષા કરવાનો હતો. સવારે ૧૧.૦૦ વાગ્યે કંપનીનો ટેકનિશિયન ટેન્કર પાસે કામ કરી રહ્યા હતા, તે દરમિયાન કેન્ટરનો વાલ્વ ખૂલી જતાં ગેસ લિકેજ થયું અને અચાનક આગ પણ લાગી હતી. તે અંગેની જાણ સંબંધિત ડિઝાસ્ટર શાખાને કરતા વહીવટી તંત્રના વિવિધ વિભાગોને ઈમરજન્સી કોલ આપતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. એક કર્મચારી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કરતાં તેને ઈજા થઇ હતી. ગાંધીનગર જિલ્લાના, ડીસ્ટ્રીકટ ક્રાઇસીસ ગૃપ દ્વારા જિલ?લામાં આવેલ વિવિધ મેજર એકસીડન?ટ હેઝાર્ડસ (સ્છ૭ૐ) વાળા જોખમી કેમીકલ કારખાનાઓમાં સંભવીત અકસ?માત/ઈર્મજન?સીના સંજોગોમાં, જિલ?લા વહીવટીતંત્ર દ્વારા તાત?કાલીક મદદ મળી રહે તેમજ તેઓમાં સતર્કતાનુ પ્રમાણ જળવાઇ રહે તે હેતુથી, આ પ્રકારના મોકડ્રીલ (રીહર્સલ) યોજાતા હોય છે.આ મોકડ્રીલમાં ડેપ્યુટી કલેકટર ડી.વી, પ્રજાપતી મામલતદાર શ્રી પી.સી.રાજપુત, નાયબ મામલતદારશ્રી કે બી પટેલ, જી.પી.સી.બી હિમતનગર, સહાયક માહિતી અધિકારશ્રી નિધિ જયસ્વાલ તથા ડી.પી.ઓશ્રી, ડીઝાસ્ટર શાખા તથા ઓફીસર દ્વારા આ મોક ડ્રીલ માં રહેલ એક્ષપર્ટ એડ્વાઈઝ આપેલ હતી.

### અરવલ્લી : રાજ્યમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ

# ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી, અસહ્ય બફારાથી લોકો ત્રાહિમામ

નવસારી-વલસાડમાં ચોમાસાના વરસાદના પ્રારંભથી દક્ષિણ ગુજરાત ના ખેડૂતો અને લોકોએ વરસાદને વધાવ્યો દેહ દઝાડતી ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી પ્રી મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે મેઘરાજાએ હાજરી પૂરાવી છે ત્યારે રાજયમાં ચોમાસાની ઋતુનો વિધિવત રીતે ચોમાસાનો પ્રારંભ થતાં નૈઋત્યનું ચોમાસું ગુજરાત પહોંચ્યું છે દક્ષિણ ગુજરાતમાં વરસાદની એન્ટ્રી થઈ છે ત્યારે હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત તેમજ અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે



અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં બે દિવસ અગાઉ ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યા પછી ગતરોજ શામળાજી પંથકમાં પવન સાથે વરસાદી ઝાપટું પડતાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે જોકે છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાદળોના આવન-જાવન સાથે અસહ્ય બફારા અને ઉકળાટથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે ત્યારે ગુજરાતમાં ચોમાસાએ દસ્તક દેતા અને હવામાન વિભાગે અરવલ્લી જીલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી કરતા લોકો આકાશ તરફ મીટ કરી મેહુલિયો વરસે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે

# ૧૬ વર્ષીય સગીર ગુમ:મહેસાણા રેલવે કોલોનીમાં રહેતો ૧૬ વર્ષીય સગીર ગુમ, પોલીસે શોધખોળ હાથ ધરી

મહેસાણા રેલવે કોલોનીમાં રહેતા અને રેલવેમાં ગનમેન તરીકે ફરજ વજાવતા રેલવેકર્મીનો ૧૬ વર્ષીય સગીર પુત્ર એક મહિનાથી ગુમ હોઈ પરિવારજનોએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે ફરિયાદ આધારે વધુ તપાસ આદરી છે.




મહેસાણા રેલવેમાં ગનમેનનો સગીર વયનો પુત્ર અગાઉ પોતાને કિન્નર બનવાનું મન થતા કિન્નરો સાથે ચાલી નીકળ્યો હતો. જેણે પરિવારજનોએ શોધી કાઢ્યો હતો અને સમજાવી પરત ઘરે લાવ્યા હતા.આમ આ સગીર અવારનવાર કોઈને કહ્યા વિના જતો પણ રહેતો અને ઘરે આવી પણ જતો. બાદમાં ફરીથી તે તેના ઘરે આવેલા કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે ૧૮ એપ્રિલના રોજથી ક્યાંક જતો રહેતા ઘરે લાંબા સમય સુધી પરત ન ફરતા પરિવાર જનોએ પુત્રની શોધખોળ આદરી હતી.

# આગામી તા. ૨૭ જૂનના અરવલ્લી જિલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જિલ્લા કક્ષાનો "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" જિલ્લા કક્ષાએ કલેકટર કચેરી,અરવલ્લી ખાતે તા.૨૭/૦૬/૨૦૨૪ (ગુરુવાર)ના રોજ ૧૧:૦૦ કલાકે રાખેલ છે. આ કાર્યક્રમ માટે જાહેર જનતા, જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં પોતાના પ્રશ્ન/રજૂઆત કરવા માંગતા હોય તેઓએ પોતાના પ્રશ્ન કચેરીના કામકાજ સમય દરમિયાન તા. ૧૫/૦૬/૨૦૨૪, સમય??-૧૪:૦૦ કલાક સુધીમાં કલેકટર કચેરી, અરવલ્લી ખાતે મળે તે રીતે બે નકલમાં મોકલી આપવાના રહેશે, અથવા ર્ૈંજ://ષ્ઠદ્બ.ખ્તદ્બકિં.ર્ખ્તદૃ.ૈહ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.



નિર્મળ ગુજરાત સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત મોડાસા નગરપાલિકા દ્વારા તા. ૧૧/૦૬/૨૦૨૪ ના રોજ મુખ્ય અધિકારીશ્રી, મોડાસા નગરપાલિકાના માર્ગદર્શન હેઠળ દરેક વોર્ડમાં સુપરવાઈઝર દ્વારા સોસાયટીના રહીશોને કચરાના વર્ગીકરણ(સેગ્રીગેશન) કરવા માટે તથા સેગ્રીગેશન કરેલ કચરાને ડોર ટુ ડોર કલેક્શનમાં અલગ અલગ નાખવા માટે સમજણ આપવામાં આવી.જેમાં સેનેટરી ઈન્સ્પેક્ટરશ્રી, રાજપુરોહિત મોડાસા નગરપાલિકા અને આરોગ્ય વિભાગ મોડાસા નગરપાલિકાના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.